| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

**તા.૧૮/૦૭/૨૦૨૩ મંગળવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### સી.આર.પી.સી.કલમ ૮૨ મુજબ

### આરોપીને કોર્ટમાં હાજર થવાનું ફરમાનઃ- સમાચાર યાદી નં.૧૧૭૭/૨૦૨૩

### બાપુનગર પોલીસ સ્ટેશનઃ-

બાપુનગર પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૨૦૬/૨૦૧૪ ઇપીકો કલમ ૩૦૬, ૩૮૪, ૩૨૩, ૨૯૪(ખ) ૫૦૬(૨) ૧૧૪ તથા સ્પેશ્યલ પોક્સો કેસ નં.૩૮૬/૨૦૧૭ મુજબના ગુનાના કામે આરોપી (૧) ભાવેશ દશરથભાઈ પટેલ (રહે.વાટામાં રામજી મંદિર સામે ગામ-લાડોલ તા.વિજાપુર જી-મહેસાણા તથા પ્લોટ નંબર ૫૩૮/૨ સેક્ટર-૨૨ ગાંધીનગર) અને (૨) રાહુલ નટવરભાઈ પટેલ (રહે. વાટામાં રામજી મંદિર સામે ગામ-લાડોલ તા.વિજાપુર જી-મહેસાણા) નાઓ ઉપરોક્ત ગુનાના કામે ફરિયાદનો જવાબ આપવા સારૂ નામદાર જજ શ્રી એચ.જી.પંડ્યા સાહેબ, અધિકસત્ર ન્યાયાધીશ, કોર્ટ નં.૨૩, સિટી સિવિલ અને સેસન્સ કોર્ટ, લાલ દરવાજા, ભદ્ર, અમદાવાદ શહેર સમક્ષ બન્ને એ તા.૦૮/૦૯/૨૦૨૩ ના રોજ હાજર રહેવા ફરમાન કરવામાં આવે છે.

### નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૧૭૮/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૧ કેસ કરી, ૩૦ વ્યક્તિઓને ઝડપી, ૧૨૮ લીટર દેશી દારૂ, ૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૫૫ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૪૮ બિયર ટીન, ૧ મોટર સાયકલ અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૨ કેસ કરી, ૧૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૫,૬૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

### તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૧૭૯/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૪ વ્યક્તિઓની અતકાયત કરી હતી.

## છેતરપિંડીની ફરીયાદઃ સમાચાર યાદી નં.૧૧૮૦/૨૦૨૩

**વસ્ત્રાપુરઃ** ડો.ધવલભાઇ રમેશભાઇ પટેલ (ઉ.વ.૩૬) (રહે. શરણ સર્કલ હોમ્સ ડી.સી.આઇ.એસ. બી.આર.ટી.એસ બસસ્ટોપ સામે ઝુંડાલ ચાંદખેડા) એ તા.૧૭/૦૭/૨૦૨૩ ના રોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે ઓક્ટોબર-૨૦૨૨ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન ૩૧૧,એપીએમ મોલ સતાધાર ક્રોસ રોડ પાસે,ભારત પેટ્રોલ પંપ પાસે બેંન્ક ઓફ બરોડા ઉપર,ઘાટલોડીયા ઓફીસ ખાતે આરોપી (૧) જૈમિનભાઇ બિપીનભાઇ પટેલ અને (૨) અંકિતાબેન જૈમિનભાઇ પટેલ (બન્ને રહે. જી/૭ શાયોના પાર્ક શન એન સ્ટેપ ક્લબ પાછળ ઘાટલોડીયા ઓફીસઃ ૩૧૧,એપીએમ મોલ સતાધાર ક્રોસ રોડ પાસે,ભારત પેટ્રોલ પંપ પાસે બેંન્ક ઓફ બરોડા ઉપર, ઘાટલોડીયા) એ ભેગા મળી પોતે સિંગિંગ સ્પેરો ફિલ્મ ,જૈમિન પટેલ ફિલ્મ્સ તથા ઓન ક્રિએશન નામની પ્રોપરાયટર ફર્મ ના નામથી અર્બન ગુજરાતી અને અન્ય શોર્ટ ફિલ્મ્સ બનાવે છે અને આ પ્રોપરાયટર ફર્મમાં ફિલ્મ્સને પ્રોડયુસ કરવા તેમજ પુરી ફિલ્મ બનાવવા માટે ઈન્વેસ્ટમેન્ટ ની જરૂર પડેલ હોવાનુ અને ડો.ધવલભાઇ પટેલ ફિલ્મ્સ માં ઇન્વેસ્ટ કરશે તો ફિલ્મ્સ ના રેવન્યુ માં ૧૦ % નો ભાગ તથા પાર્ટનર બનશે તો ૨૦ % ના ભાગીદાર બનાવવામાં આવશે આવનારા ૧૦ મહિના માં જે રકમ ઈન્વેસ્ટ કરશે તે ૧૦% રેવન્યુ સાથે પાછી આપવામાં આવશે તેવી લાલચ આપી ડો.ધવલભાઇ પટેલ પાસેથી ૧૦% ફિલ્મ્સના રેવન્યુનો નફો આપવાનુ તથા બે મહિનામાં આપેલ રૂપિયા પાછા આપી દેવાનુ જણાવી બેંક ટ્રાન્સફરથી તથા રોકડ મળી રૂપિયા ૭૫,૦૦,૦૦૦/- મેળવી લઈ તે પૈકી રૂપિયા ૨૪,૯૦,૦૦૦/- પરત આપી બાકી નિકળતા રૂપિયા ૫૦,૧૦,૦૦૦/- પરત નહી આપી તેમજ સાહેદ પાસેથી પણ અલગ-અલગ રૂપિયા ૩,૪૧,૦૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૩,૯૧,૧૦,૦૦૦/- મેળવી લઈ છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.એલ.પટેલ ચલાવે છે.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૧૧૮૧/૨૦૨૩

**વટવા જીઆઈડીસીઃ** આકાશ કિરીટકુમાર ગજ્જર (રહે. ભાગ્યોદય સોસાયટી કેડીલા બ્રીજ પાસે ઘોડાસર) એ તા.૧૭/૦૭/૨૦૨૩ ના રોજ વટવા જીઆઇડીસી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૦૭/૨૦૨૩ રાતના ૯/૩૦ થી તા.૧૫/૦૭/૨૦૨૩ કલાક ૯/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન જીઆઇડીસી વટવા ફેઝ-૧ પ્લોટ નં-૬૨/૧૪ ખાતે પેંગ્વીન ઇનોવેટીવ એન્જીનીયરીંગ પ્રા.લી. નામની કંપનીની ઓફીસમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી મોબાઇલ ફોન નંગ-૯ કિમત રૂપિયા ૬૦,૦૦૦/- અને સી.સી.ટી.વી કેમેરાના એન.વી.આર નંગ-૨ કિમત રૂપિયા ૧૨,૦૦૦/- મળી કુલ રૂપિયા ૭૨,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.બી.પટેલ ચલાવે છે.

**બોડકદેવ**: ચન્દ્રકાંત ચિમનલાલ સોની (ઉ.વ.૬૨) (રહે. કૃપામનન એપાર્ટમેન્ડ આનંદ ડુપ્લેક્ષની બાજુમાં ભાઇકાકાનગર થલતેજ) એ બોદકદેવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૦૭/૨૦૨૩ બપોરના ૧/૩૦ થી તા.૧૭/૦૭/૨૦૨૩ સવારના ૯/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાના નકુચા તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તીજોરીમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૩૫,૬૫,૬૦૦/- મતા ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એ.આર.ધવન ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૧૮૨/૨૦૨૩**

**ઘાટલોડીયાઃ (૧)** રિતેશ નિલેશભાઈ પટેલ (ઉ.વ.૨૫) (રહે. ૧૩૯/એફ હીરાબાગ સોસાયટી વિભાગ-૦૨ અલ્કાપુરી રોડ ઘાટલોડીયા) એ અગમ્ય કરણસર તા.૧૬/૦૭/૨૦૨૩ રાતના ૮/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઘાટલોડીયા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ વુ.મ.સ.ઈ.શ્રી જયશ્રીબેન જીતેન્દ્રકુમાર ચલાવે છે.

**ઘાટલોડીયાઃ** (૨) બીજયકુમાર ધ્રુબાચરણ પ્રધાન (ઉ.વ.૩૦) (રહે. મ.ન.૨૬૨ હીરાબાગ સોસાયટી વિભાગ-૦૨ અલ્કાપુરી રોડ ઘાટલોડીયા) એ બીમારીથી કંટાળી તા.૧૭/૦૭/૨૦૨૩ સાંજના ૫/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઘાટલોડીયા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી ભરતભાઇ ભોલાભાઇ ચલાવે છે.

**વેજલપુરઃ** વેજલપુર અસ્માકમ ફ્લેટ પાસે વૈજનાથ મહાદેવ મંદીર પાછળ ગીતાબાગ સોસાયટી ખાતે ભાડાના મકાનમાં રહેતા કિટોલી ડો/ઓ ત્સાલીક્યુ (KITOLI D/OF TSALIKYU) (ઉ.વ.૨૭) (મુળ વતન. ૩૫ નત્સામી ગામ જી.કીફીરે નાગાલેન્ડ) એ અગમ્ય કારણસર તા.૧૬/૦૭/૨૦૨૩ સાંજના ૭/૪૫ વાગ્યા પહેલા વેજલપુર પોતાના રહેણાંક ખાતે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી જી.વી.ચૌધરી ચલાવે છે.

**નિકોલઃ** હાથીજણ સર્કલ પાસે વિંઝોલ ગામ આગળ નવી બનતી સાઇટ ખાતે રહેતા અને ત્યા જ કામ કરતા પાયલબહેન ડો/ઓ કનુભાઇ મિનામા (ઉ.વ.૧૮) (મુળ વતન. ગામ-વટબાશ તા.જી.દાહોદ) એ અગમ્ય કારણસર તા.૧૭/૦૭/૨૦૨૩ સવારના ૭/૪૫ વાગ્યા પહેલા નિકોલ એસ.પી.રીંગ રોડ ભગવત એલીજીયમ સાઇટના છઠ્ઠા માળના બ્લોકની બહાર ગેલેરી બાજુ હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી આર.એમ.કુશવાહા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી